


પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. મે ૧૫, ૨૦૨૨ • વૈશાખ સુદ ૧૪ • સંવત ૨૦૭૮

Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge),
Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF

# વડાપ્રધાનશ્રીના ભારતને $5 tn ઇકોનોમી બનાવવાના વિઝનને સિદ્ધ કરવા ગુજરાત પ્રતિબદ્ધ – મુખ્યમંત્રીશ્રી



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ભારતને પાંચ ટ્રિલિયન ડોલર ઇકોનોમી બનાવવા આપેલા વિઝનને સાકાર કરવા ગુજરાતે આગવી પહેલરૂપ રણનીતિ-રોડમેપ ઘડ્યો છે. આ સંદર્ભમાં ગુજરાત સરકારે રચેલી ટાસ્કફોર્સના અધ્યક્ષ ડૉ. હસમુખ અઢિયાએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને આ રોડમેપ સુપ્રત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આ રોડમેપ-રણનીતિમાં સૂચવાયેલી બાબતોના અમલીકરણ માટે એક સઘન માળખું વિકસાવવાની નેમ વ્યકત કરી હતી. તેઓએ જણાવ્યું કે, ભારતને પાંચ ટ્રિલિયન ડોલર ઇકોનોમી બનાવવાના વડાપ્રધાનશ્રીના વિઝનને સિદ્ધ કરવા ગુજરાત પ્રતિબદ્ધ છે. જો ભારતને ૫ ટ્રિલિયન યુ.એસ. ડોલર ઈકોનોમીના લક્ષ્યાંકો નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ સુધીમાં સિધ્ધ કરવા હોય તો, ગુજરાતે તેના આર્થિક વિકાસને વધુ વેગ આપવાની જરૂરીયાત છે. રાષ્ટ્રીય અર્થતંત્રમાં વર્ષ ૨૦૨૧માં ગુજરાતનો હિસ્સો ૮.૩૬% છે તે વધારીને ૧૦% સુધી લઇ જવાનો રહે.

(Source : https://cmogujarat.gov.in)

# ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી સાથે રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીના હસ્તે 'ગુજરાત ગરિમા પુરસ્કાર' એનાયત




રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત તથા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગુજરાત ગરિમા એવોર્ડથી પાંચ વ્યક્તિવિશેષોનું રાજ્ય સન્માન કરાયું હતું જ્યારે પાટણ જિલ્લામાં વિવિધ ક્ષેત્રે સેવા પ્રદાન કરનાર ૧૫ લોકોનું સન્માન કરવામાં આવ્યું હતું. 'ગુજરાત ગરિમા એવોર્ડ ૨૦૨૨'થી સન્માનિત થનારમાં કૃષિ ક્ષેત્રે પ્રફુલચંદ્ર મનસુખભાઈ સેજલીયા, સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે ડૉ. પ્રતાપભાઈ પંડ્યા (મરણોત્તર), સમાજ સેવા ક્ષેત્રે નિલેશભાઈ માંડલેવાલ, રમતગમત અને યોગ ક્ષેત્રમાં કુ.અન્વી વિજય ઝાંઝરૂકીયા અને કલા ક્ષેત્રમાં કિર્તીદાન ગઢવીનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રીય પર્વો રાજ્યના પાટનગરમાં ઉજવવાના બદલે જૂદા જૂદા જિલ્લા મથકે ઉજવવાની પરંપરાના ભાગ રૂપે રાજ્યના ઉત્તર ગુજરાતના મહત્વના એવા પાટણ જિલ્લામાં ૧લી મે - સ્થાપના દિવસની ઉજવણી કરાઇ હતી જેમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા હતા. ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીના આ પ્રસંગે

(Sources : https://cmogujarat.gov.in, www.divyabhaskar.co.in)

Contact Address
**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF

FOR PRIVATE CIRCULATION ONLY

## વિમલ ચોક્સી યુકેની આસ્ટન કાઉન્સીલમાં વિજેતા થયા



મૂળ ભરૂચના અને હાલ યુકેમાં સ્થાયી થયેલા વિમલ ચોક્સીએ યુકેની આસ્ટન કાઉન્સીલની યોજાયેલી ચૂંટણીમાં લેબર પાર્ટીમાંથી વિજય મેળવ્યો છે. વિમલ ચોક્સી મૂળ આમોદ તાલુકાના અને ભરૂચમાં સ્થાયી થયેલા પત્રકાર પ્રવિણ ચોક્સીના પુત્ર છે. ભારતમાં એમએસસી, આઇટીનો અભ્યાસ કરી વિમલ ચોક્સી ૨૦૦૪માં યુકે ગયા જ્યાં તેમણે ઈન્ટરનેશનલ બિઝનેસ મેનેજમેન્ટની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. ૨૦૧૮માં આસ્ટન કાઉન્સીલની ચૂંટણીમાં કાઉન્સીલર તરીકે ચૂંટાઇને વિમલ ચોક્સીએ આસ્ટનમાં ભારતીય કાઉન્સીલર બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું.

(Source : www.divyabhaskar.co.in)

## ગુજરાતી સમાજના અધ્યક્ષ દ્વારા ટાગોરની પ્રતિમાની સફાઈ



કવિ, નવલકથાકાર, નાટ્યકાર, ચિત્રકાર અને દાર્શનિક રવિન્દ્રનાથ ટાગોરની જન્મજયંતિ ૭મેના રોજ ઉજવાઇ. તેમની પ્રતિમા મધ્યપ્રદેશના બુરહાનપુરના શનવારા ચોકડી પર સ્થાપિત છે. ટાગોર જયંતિ નિમિત્તે બૃહદ ગુજરાતી સમાજના નવા ચૂંટાયેલા પ્રમુખ અને કોર્પોરેશનના ભૂતપૂર્વ પ્રમુખ મનોજ તારવાલાએ અહીં પહોંચી જાતે જ પોતાના હાથથી પ્રતિમાને પાણીથી સાફ કરી હતી. આ દરમિયાન સતીશ દેશમુખ, હીરાલાલ બડગુર્જર, અશોક કુરીલ, રાજા જંગાલે, શિવ ગોવિંદજીવાલા, વિવેક શ્રીમાળી હાજર રહ્યા હતા.

(Source : www.bhaskar.com)

## અમેરિકાના ડલ્લાસમાં વસતા સુરતી લેઉઆ પટેલ સમાજે યુક્રેનના નિરાશ્રિતો માટે દાન એકત્ર કર્યું



અમેરિકાના ડલ્લાસ ફોર્ટમાં સુરતી લેઉઆ પાટીદાર સમાજના ઉપક્રમે યુક્રેનથી પોલેન્ડ જવા મજબુર બનેલા નિરાશ્રિતોના લાભાર્થે જાણીતા કલાકાર ગીતા રબારીના ડાયરાનું આયોજન કરાયું હતું જેમાં ત્રણ લાખ ડોલરની નોટોનો વરસાદ વરસાવવામાં બ્રુશ પટેલ તથા ડેની (દિનેશ) પટેલ સફળ થયા હતા. આ ભેગી થયેલી રકમ ઉપરાંત અન્ય એનજીઓ દ્વારા એકત્રિત થયેલી રકમ પોલેન્ડ ખાતેના યુક્રેનના રેફ્યુજી સમૂહને પહોંચાડવા સુરતી લેઉઆ પાટીદાર સમાજના સેવાભાવી કાર્યકરો રવાના થયા હતા અને યુક્રેનથી પોલેન્ડ આવેલા નિરાશ્રિતોને જીવન જરૂરી વસ્તુઓ, ભોજન, બાળકો માટે કિન્ડર ગાર્ડન રૂમ પૂરું પાડી શક્યા હતા.

(Source : www.akilanews.com)

## વાપીના વૃદ્ધ ૧૮ હજાર ફૂટ ઊંચાઈએ સાઇક્લિંગ કરનાર પ્રથમ ગુજરાતી






વાપીના ૬૨ વર્ષીય કાંતિભાઈ પટેલે અનોખો રેકોર્ડ કર્યો છે. તેમણે નેશનલ રાઈડ ફોર વેક્સિનેશન અંતગર્ત ગુજરાતમાંથી સૌ પ્રથમ મનાલી-લેહ સાઇકલ યાત્રામાં ૧૮ હજાર ફુટ ઊંચાઈએ સાઇકલ ચલાવી હતી. એટલું જ નહીં ત્રણ વર્ષમાં ૫૫ હજાર કિલોમીટરથી વધુ સાઇક્લિંગ કરી અનેક નવા રેકોર્ડ બનાવી યુવાનોને સ્વસ્થ રહેવા સાયકલ ચલાવવાની પ્રેરણા આપી રહ્યાં છે. વાપી સલવાવના મૂળ રહેવાસી કાંતિભાઈ પટેલમાં હજુ પણ યુવાન જેવો જુસ્સો છે.

(સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૯.૫.૨૦૨૨)

## લંડન કાઉન્સીલની ચૂંટણીમાં પાંચ કચ્છીઓ વિજેતા



લંડનમાં પાંચમી મેના સ્થાનિક કાઉન્સીલની ચુંટણી યોજવામાં આવી હતી, જેના પરિણામો જાહેર થયા છે. જેમાં કચ્છ માટે ગર્વની વાત એ છે કે, પાંચ કચ્છીઓએ લંડનમાં હેરો અને બ્રેન્ટ કાઉન્સીલની ચૂંટણીમાં સારી એવી સરસાઈથી જીત મેળવી છે. એમાં નવાઇની વાત એ છે કે ૪૫ વર્ષથી લેબર પાર્ટીનો કબજો હતો તેવી સીટો પર કચ્છીઓ કન્ઝર્વેટીવ પાર્ટીમાંથી ચૂંટાઇને આવ્યા છે. હેરો કાઉન્સીલમાં ૩ કચ્છી ઉમેદવારો નિતેશ હિરાણી (માંડવી) અને ચેતના હાલાઈ (માધાપર) કેન્ટન ઇસ્ટમાંથી જ્યારે કાંતિ પિંડોરિયા (વાડાસર) કેન્ટન વેસ્ટમાંથી કાઉન્સિલર તરીકે ચૂંટણી જીત્યા અને બ્રેન્ટ કાઉન્સિલમાં બે કચ્છી ઉમેદવારો જયંતિ પટેલ (કેરાઈ) (કુન્દનપર) કવેન્સબરીમાંથી અને સુનીતા હિરાણી કેન્ટનમાંથી જંગ જીત્યા છે.

(Source : www.divyabhaskar.co.in)

## ડોક્ટર દંપતીએ રૂ. એક લાખના વાસણો દાનમાં આપ્યા



મધ્યપ્રદેશના બુરહાનપુર ખાતે સકલપંચ ગુજરાતી મોડ માણેક સમાજના તબીબ દંપતીએ એક લાખની કિંમતના વાસણો અર્પણ કર્યા હતા. ડૉ. દેવેન્દ્ર અને ડૉ. સુરેખા પૂણીવાલાએ તેમના સ્વર્ગસ્થ માતા-પિતા ઈન્દુબાલા અને ગોપાલદાસ પૂણીવાલાની યાદમાં આ ભેટ આપી હતી. સમાજના લગ્નસમારંભોમાં આ વાસણોનો ઉપયોગ કરવામાં આવશે. આ દરમિયાન સમાજના પ્રમુખ વિજય શાહ ઉપસ્થિત રહ્યા હતા.

(Source : www.bhaskar.com)

## જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાની

# 'વતન પ્રેમ યોજના'

ગુજરાત સરકાર દ્વારા તા. ૧૮/૦૮/૨૦૨૦ના ઠરાવથી જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવા અને દાતાઓને પ્રોત્સાહન આપવા માટે 'માદરે વતન યોજના' અમલમાં મૂકવામાં આવી હતી.

ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસ કાર્યો અને ઉત્તમ જનસુવિધાઓ થકી વતન પ્રેમીઓને જન્મભૂમિ, માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ઉત્તમ તક આપવા જન હિત વિકાસ કાર્યોમાં જન ભાગીદારીના સૌથી મોટા અભિયાન તરીકે આ યોજના રાજ્ય સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવી હતી. આ યોજના દ્વારા સરકાર, દાતાઓ તેમજ ગામના લોકો વચ્ચે જન કલ્યાણ - વિકાસકીય ત્રિવેણી સંગમ થકી ગામમાં સુવિધાઓ વધારી ગામને વધુ જીવંત બનાવવાની કલ્યાણકારી ભાવના સાથે અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનાનો વ્યાપ અને અગત્યતા ધ્યાને લઈને યોજનાના વધુ અસરકારક અમલ માટે મૂળ યોજનામાં જરૂરી સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે યોજનાની મૂળ જોગવાઇઓમાં ફેરફાર કરીને નીચેની જોગવાઇઓને આધીન રહીને અમલીકરણ કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

(૧) આ યોજનાનું નામ 'વતન પ્રેમ યોજના' રહેશે.

(૨) યોજના હેઠળ લઈ શકાય તેવા કામોની સૂચિઃ

૧. શાળાના ઓરડા અથવા સ્માર્ટ ક્લાસ
૨. કોમ્યુનિટી હોલ
૩. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય વિભાગ દ્વારા સેટ અપ મંજૂર થયેલ હોવું જોઈએ) - પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન
૪. આંગણવાડી - મધ્યાહન ભોજનનું રસોડુ - સ્ટોરરૂમ
૫. પુસ્તકાલય
૬. રમતગમત માટે વ્યાયામ શાળાનું મકાન અને સાધનો.
૭. સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ
૮. સ્મશાનગૃહ
૯. વોટર રીસાયકલીંગની વ્યવસ્થા તથા ગટર/STP ઇત્યાદી
૧૦. તળાવ બ્યુટીફીકેશન
૧૧. એસ.ટી.સ્ટેન્ડ
૧૨. સોલર એનર્જી સ્ટ્રીટલાઇટ અને પાણીના ટ્યુબવેલ-કુવાની-પાણીની ટાંકીની મોટર ચલાવવા માટે

(૩) ઉપરોકત કામોના નિયત ખર્ચ પૈકી દાતા/દાતાઓ પોતાના ગામમાં ૬૦ ટકા કે તેથી વધુ રકમનું દાન આપીને કામ કરાવી શકશે. દાતાના રકમની સામે ખૂટતી ૪૦ ટકા રકમનું રાજ્ય સરકાર અનુદાન કરશે.

(૪) આ યોજનાના અસરકારક અમલીકરણ માટે 'વતન પ્રેમ યોજના સોસાયટી'ની રચના કરાવાની રહેશે. આ સોસાયટી અંતર્ગત ગવર્નિંગ બોડી અને કારોબારી સમિતિ રહેશે. માન. મુખ્યમંત્રીશ્રી આ સોસાયટીની ગવર્નિંગ બોડીના અધ્યક્ષ રહેશે જ્યારે માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત) તેના ઉપાધ્યક્ષ રહેશે. અધિક મુખ્ય સચિવશ્રી (પંચાયત) કારોબારી સમિતિના ચેરમેન રહેશે.

(૫) આ યોજનાના કામો કરવા માટે 'વતન પ્રેમ સોસાયટી' દ્વારા Project Management Unit (PMU) ની રચના કરવામાં આવશે. PMU દ્વારા આ યોજનાના અસરકારક અમલીકરણ માટે વેબ પોર્ટલ અને મોબાઈલ એપ તૈયાર કરવામાં આવશે. આ પોર્ટલ દ્વારા દાતાઓના દાનની રકમ તથા સરકારની અનુદાનની રકમ યોજના માટે ખોલાવેલ અલગ એકાઉન્ટમાં જમા થશે. આ રકમ જમા થયા પછી જે તે કામ પાછળ ખર્ચ કરી શકાશે. કોઈ પણ શિડ્યુલ બેન્કની મદદથી પોર્ટલ ખુલશે, પોર્ટલ ઉપર કામોની વિગત, કામની ટાઈપ ડિઝાઈન, કામના અંદાજ દર્શાવવામાં આવશે જેથી દાતાને દાન આપવા માટે તમામ માહિતી મળી શકે અને સુવિધા રહે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

### આપ જોડાયા?

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.
આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.

## કચ્છનો છૂપો ખજાનો

# કડિયા ધ્રો



**ગુજરાતના પ્રવાસન ઉદ્યોગના વિકાસમાં કચ્છ જિલ્લાનું યોગદાન ઘણું મોટું છે તે વાતમાં શંકાને કોઇ સ્થાન નથી. રણોત્સવ તો વળી આખી દુનિયામાં વખણાય છે. પણ જો તમે એવું માનતા હોવ કે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવનાર કચ્છનું એકમાત્ર પર્યટન સ્થળ રણોત્સવ છે, તો તમે ભૂલ કરી રહ્યા છો. તાજેતરમાં જ અહીંના વધુ એક સ્થળની આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધ લેવામાં આવી છે. તે સ્થળ એટલે નખત્રાણા તાલુકામાં આવેલું કડિયા ધ્રો.**

પોતાની આગવી ભાષા, અનોખી સંસ્કૃતિ, અનેરી ભૌગોલિક સ્થિતિ ધરાવતું કચ્છ ખરેખર ગુજરાતનું એક નિરાળું ઘરેણું છે. પહાડો, રણ અને સમુદ્રની ત્રિવિધ વિશેષતા ધરાવતા કચ્છમાં અનેક સ્થળે કુદરતી સૌંદર્યના નજારા જોવા મળે છે. ચોમાસામાં મેઘમહેર થયા બાદ ધરતી લીલુડી ચાદર ઓઢી લે છે અને ચારેકોર હરિયાળી છવાઈ જાય છે. કચ્છના જાણીતા સ્થળો તો ઘણા છે પણ બીજી બાજુ એવા પણ અનેક વિસ્તાર છે જે હજુ એટલા જાણીતા નથી. આવા સ્થળો અંતરિયાળ વિસ્તારોમાં આવેલા છે જ્યાં ઘાસની હરિયાળી જ નહીં પણ ખડકોમાંથી ખળખળ વહેતા ઝરણા પણ જોવા મળે છે. નખત્રાણા વિસ્તારમાં આવેલા એક સ્થળે એક કરોડ વર્ષ જેટલા સમયમાં કુદરતે કરેલું અદ્ભુત નકશીકામ નજરે ચડે છે. નખત્રાણાના દુર્ગમ વિસ્તારોમાં એક સમયે સપાટ રહેલા ખડકોને પવનની થપાટો અને પાણીનો ઘસારો લાગતાં આજે અચરજ પમાડે તેવી કોતરો જોવા મળે છે.

કોટડા થરાવડા, ભડલી, લાખીયારવીરા, જતાવીરા, મોરજર અને નથ્થરકૂઈના નિર્જન વિસ્તારોમાં કુદરતે કમાલનું નકશીકામ કર્યું છે. ચોમાસામાં આ કોતરોમાં પાણી વહી નીકળે ત્યારે ક્યાંક ક્યાંક નાના નાના ઝરણા વહેતા જોવા મળે છે. કુદરતના કરિશ્મા જેવા ખડકાળ નકશીકામને જોવું હોય તો ભુજથી કોડકી, મખણા થઈને કોટડા (થરાવડા) સુધી રસ્તો છે ત્યારબાદ પગપાળા ચાલીને જવું પડે છે. સૂમસામ વિસ્તારોને ચાલતા ચાલતા ખૂંદી વળો તો આ નજારો માણવા મળે. ઊંડી ઊંડી કોતરો વચ્ચે ક્યાંક નાના તળાવ પણ જોવા મળે છે જેને ગામઠી ભાષામાં ધ્રો કે વાય કહેવાય છે.

નખત્રાણાના દુર્ગમ વિસ્તારમાં આવેલું આ સ્થળ કડિયા ધ્રો તરીકે ઓળખાય છે. આપણા માટે ગૌરવની વાત એ છે કે અમેરિકાના પ્રતિષ્ઠિત અખબાર ધ ન્યુયોર્ક ટાઈમ્સમાં પણ આની નોંધ લેવાઈ છે. અખબારે ૨૦૨૧માં પસંદ કરવા જેવા ૫૨ (બાવન) સ્થળોની યાદીમાં કચ્છની કરોડો વર્ષ જૂની આ ખડકીય સંરચનાની પસંદગી કરી છે. ધ ન્યુયોર્ક ટાઈમ્સ દ્વારા દર વર્ષે આવી યાદી બહાર પાડવામાં આવે છે.






૨૦૨૧માં બહાર જારી કરાયેલ યાદીમાં કડિયા ધ્રોને ત્રીજા સ્થાને મૂકવામાં આવ્યું છે. વિશ્વભરમાંથી આવેલી ૨૦૦૦ યાદીમાંથી ૫૨ સ્થળોને પસંદ કરવામાં આવ્યા હતા. આ સ્થળને વૈશ્વિક પ્રસિદ્ધિ ભુજના વરુણ સચદેના કારણે મળી છે. તેઓએ આ સ્થળના ફોટા અને લેખ ન્યુયોર્ક ટાઈમ્સને મોકલ્યા હતા. મૂળ ભુજના વરુણ સચદે અમેરિકાના ન્યૂ હેમ્પશાયરમાં સૉફ્ટવેર ડેવલોપરની નોકરી છોડી ટ્રાવેલર બન્યા હતા.

કડિયા ધ્રોની વિશેષતા વિષે વાત કરીએ તો આ એક કુદરતી સંરચના છે. ભોએડ નદી તેમજ અન્ય સહાયક નદીઓ મળીને એક વિશાળ જળાશય રચે છે જે પુષ્કળ પથ્થરોવાળા વિસ્તારમાંથી પસાર થાય છે. પાણીના વહેણને હવાની લપડાક લગવાને કારણે લાખો વર્ષોમાં પથ્થરો પર કોતરોનું નિર્માણ થયું છે. કુદરતી રીતે નિર્માણ પામેલી આ જગ્યા એટલી બધી મનોરમ્ય છે કે એવું જ લાગે જાણે કોઈ જગવિખ્યાત શિલ્પીએ કોતરી હોય.

અમેરિકાની કોલોરાડો નદીએ સર્જેલાં ગ્રાન્ડ કેન્યન તરીકે ઓળખાતાં કોતરોની નાની આવૃત્તિ જેવી આ સુંદર જગ્યાની રચના હવાના તેજ થપેડા, કચ્છની કારમી ગરમી અને પાણીના વહેણને કારણે થઈ છે. સ્થાનિક લોકો તો આ જગ્યા વિશે પહેલાથી જ જાણે છે. કુદરતની કલા કારીગરીનું કડિયા ધ્રો એક બેનમૂન ઉદાહરણ છે. અહીં આસપાસ સર્જાયેલી રંગબેરંગી કોતરો, ખળખળ વહેતું પાણી ગજબની શાંતિનો અનુભવ કરાવે છે. નાના-મોટા તળાવ અને ચોમેર હરિયાળી આ સ્થળની સુંદરતામાં વધારો કરે છે.

આ જગ્યા પર વિવિધ ખનીજોને લીધે રંગબેરંગી ખડકો જોવા મળે છે. જોઈને આશ્ચર્ય થાય કે ખડકો આટલા અલગ-અલગ રંગના કેવી રીતે હોઇ શકે? જોનારાની આંખોને આ નજારો ઠંડક આપે છે.





'કડિયા ધ્રો' નામ કઈ રીતે પડ્યું અને આ પ્રદેશનું ધાર્મિક મહત્વ શું તે વિષેની હકીકતો પણ રસપ્રદ છે. આ વિસ્તારમાં સ્થિત ધીણોધર પર્વતની આસપાસ નાથ સમુદાયના સંતો રહેતા હતા. નાથ સંપ્રદાયના સાધુઓ જ્યારે પણ તપસ્યા દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરે છે ત્યારે આ સિદ્ધિને બંગડી આકારની વસ્તુમાં રાખવામાં આવે છે જે કડા તરીકે ઓળખાય છે. આવી સિદ્ધિ પ્રાપ્ત કરનાર નાથ સમુદાયના સાધુઓ તેમના અંતિમ સમયમાં આ 'કડા' ને સમાધિમાં કોઈ મૂર્તિની નીચે અથવા કુદરતી ઝરણા (ધોધ)માં વિસર્જિત કરે છે. મહેશ્વરી સંપ્રદાયના ચોથા સંત મમાઈ દેવના પૌત્રે આ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. તેમણે મેળવેલા સિદ્ધ કડાને આ ધ્રોમાં વિસર્જિત કરવામાં આવ્યો હતો. આથી આ સ્થળ 'કડિયા ધ્રો' તરીકે ઓળખાય છે.

આ સ્થળ પર આવેલા પર્વતને સાત શિખરો છે. અહીંના લોકો તેને મહાભારત પર્વત તરીકે ઓળખે છે. પાંચ પાંડવ, માતા કુંતી અને દ્રોપદી એમ સાતેયના સાત શિખર. કુદરતની આ રચના જોઈને સવાલ થાય છે કે તેનું શિલ્પી કોણ હશે ?

હવે સૌથી મહત્વની વાત કે આ સ્થળની મુલાકાત ક્યારે લેવી ? કચ્છ રણ પ્રદેશનો વિસ્તાર હોવાથી અહીં શિયાળામાં ખૂબ વધુ માત્રામાં ઠંડી અને ઉનાળામાં ખૂબ વધુ માત્રામાં ગરમી પડે છે. તેથી ઓકટોબરથી ફેબ્રુઆરીનો સમય બેસ્ટ છે. વળી, ચોમાસા બાદ પાણીનો પ્રવાહ વહેતો હોય તે પણ ખૂબ રમણીય દ્રશ્યો સર્જે છે. ખડકો પણ



ભીંજાયેલા હોવાથી તેના રંગો વધુ ગહેરા જોવા મળે છે. ભૂજથી કડિયા ધ્રો વચ્ચેનું અંતર માત્ર ૩૦ કિમી છે જે માટે સરકારી-ખાનગી બસો તેમજ પ્રાઇવેટ ટેક્સી મળી રહે છે. એક બીજી બાબત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. કડિયા ધ્રો સુધી પહોંચવાનો રસ્તો એક કાચી સડક છે એટલે અહીં માત્ર ટુ-વ્હીલર્સ જ આવી શકે છે. જો તમે ફોર-વ્હીલરમાં જાવ તો મુખ્ય સ્થાનથી બે કિમી દૂર કાર પાર્ક કરીને ચાલતા કડિયા ધ્રો સુધી પહોંચી શકાય છે.

(Sources & Photo Courtesy : www.tripoto.com, https://mantavyanews.com, www.tourandrtravel.com, https://tv9gujarati.com, https://mobile.twitter.com, https://pbs.twimg.com, http://nackachchh.org)



# જસમલનાથજી મંદિર
## આસોડા

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના વેપારીમથક કુકરવાડા પાસે આસોડા ગામમાં દેવાધિદેવ મહાદેવ બિરાજમાન છે. આ મંદિર સોલંકી કાળમાં પાટણના રાજવી સિધ્ધરાજ જ્યસિંહે બંધાવ્યું હતું. તદ્દન મોઢેરા સૂર્ય મંદિર જેવી જ આબેહૂબ કોતરણી આ મંદિરની શોભામાં અભિવૃદ્ધિ કરી રહી છે. અહીં મંદિરના બાંધકામમાં રામાયણ તેમજ મહાભારતકાળના પાત્રો કંડારાયેલા છે. અને સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર આધીન મંદિરનું સુંદર નિર્માણ કરાયું છે. અહીં પથ્થરની કોતરણી સાથેના મંદિરમાં બિરાજમાન ભગવાન શિવજી જસમલનાથજી મહાદેવ તરીકે પ્રસિદ્ધ છે. આ શિવ મંદિરને રાષ્ટ્રીય સ્મારક (N-G-J-153)માં સામેલ કરવામાં આવ્યું છે.



સોલંકી રાજ્ય દરમિયાન શિલ્પ તથા સ્થાપત્યના ઉત્તમ નમૂનાઓ ગુજરાતે મેળવ્યા છે. મંદિરોની બાબતમાં એક આગવી શ્રેણી ઉભી કરનાર સોલંકી યુગને ગુજરાત ક્યારેય ભૂલી શકશે નહીં. ભારત વર્ષના પુરાતન મંદિરોની યાત્રા કરીએ તો સોલંકી યુગમાં બંધાયેલા ગુજરાતના મંદિરો શિલ્પ સ્થાપત્યની દ્રષ્ટિએ ખજુરાહો શ્રેણી, ભુવનેશ્વર શ્રેણી, ચાલુક્ય શ્રેણી તથા મધ્યભારતની માળવી અષ્ટભદ્રી શ્રેણી કરતાંય કેટલીક બાબતોમાં ચડીયાતા છે.

ગુજરાતના મંદિરોની સ્તંભાવલીઓ, તોરણો અને ગવાક્ષો તથા દ્વારસાખો જે સોલંકી કાળ દરમિયાન બનાવવામાં આવ્યા છે તે વિશિષ્ટ પ્રકારના છે. ભારત વર્ષમાં ખારા પથ્થરો પર ઝીણામાં ઝીણી નકશી કરવામાં ગુજરાત હંમેશા આગવું સ્થાન ધરાવે છે. આ બધું ગુજરાતના સોલંકી રાજવીઓએ ગુજરાતને શિલ્પ સ્થાપત્યના ઉત્તમ નમૂનાઓથી અલંકૃત કરવાને કારણે બન્યું છે.

જસમલનાથજી શિવ મંદિર બાબતે એક કથા પ્રસિદ્ધ છે. એક વખત રાજા સિદ્ધરાજ જ્યસિંહને વહેલી સવારે સ્વપ્ન આવ્યું અને પાટણ શહેરની પૂર્વ દિશામાં ૨૫ માઈલ દૂર આવેલા સ્થળે એક ભવ્ય શિવ પંચાયતન મંદિર બાંધવાની દૈવી આજ્ઞા થઈ. બીજા દિવસે સિદ્ધરાજે રાજ્યના શિલ્પીઓ અને સ્થપતિઓને પોતાને સ્વપ્નમાં જણાવાયેલ સ્થળે જઈને મંદિર બાંધવાનો આદેશ આપ્યો. સ્થળની ગણતરીમાં ભૂલ થવાથી સોખડાને બદલે આસોડા ગામમાં મંદિરનો પાયો નંખાયો. વખત જતાં મંદિર પૂરું થવા આવ્યું ત્યારે રાજા સિદ્ધરાજને સ્થળફેર લાગ્યું. પણ પછી આસોડાનું મંદિર જ સંપૂર્ણ કરવામાં આવ્યું. બાજુના સોખડા ગામે એક બીજું શિવ મંદિર બાંધવામાં આવ્યું.

આશરે સો ફૂટની લંબાઈ અને પંચોતેર ફૂટની પહોળાઈવાળા છ ફૂટ



ઊંચા ઓટલા ઉપર શિવ પંચાયતન મંદિર આવેલું છે. મુખ્ય મંદિર વચમાં અને ઓટલાને ચારે ખૂણે ચાર મંદિર બાંધવામાં આવ્યા છે. ઓટલા પર ચઢતા ખૂબ સુંદર કલાત્મક કોતરણીવાળા બે તોરણો નજરે પડે છે. તોરણની બંને તરફ હનુમાનજી અને ગણેશજીના મંદિરો આવેલા છે. તોરણની સામે ઓટલા પર વચ્ચે આસોડા જસમલનાથજી મહાદેવનું વિશાળ ભવ્ય મંદિર છે. મુખ્ય મંદિરની બહારની દીવાલો પર ખૂબ કલાત્મક મૂર્તિઓ કોતરાયેલી છે. સભામંડપના ઘુમ્મટની અંદરના ભાગની કોતરણી પણ અદ્ભુત છે. ગર્ભગૃહનું ભવ્ય વિશાળ શિવલિંગ સોમનાથના જૂના શિવલિંગને મળતું આવે છે. વિધર્મીઓ જ્યારે મંદિરોને નિશાન બનાવીને આવા પ્રાચીન મંદિરોનો ધ્વસ્ત કરવા નીકળ્યા હતા ત્યારે આ મંદિરને પણ નુકસાન પહોંચાડેલું હતું, જેના નિશાન હાલ શિવલિંગ પર જોઈ શકાય છે.

આ મંદિરને શિવ પંચાયતન મંદિર પણ કહેવામાં આવે છે કેમ કે આ મંદિર સંકુલ પાંચ મંદિરોનો સમૂહ છે. આ મંદિરની આગળની બાજુ ગણેશજી અને હનુમાનજીનું મંદિર છે. જ્યારે પાછળ ઉત્તર-પશ્ચિમ તરફ આવેલા મંદિર અનુક્રમે સૂર્ય ને વિષ્ણુ મંદિર છે. વચ્ચે પાંચમા મંદિરમાં સ્વયં શિવજી બિરાજમાન છે. જગતી પર સ્થાપિત આ શિવ પંચાયતન મંદિર એ બાકીના પંચાયતન મંદિર કરતા અનોખું અને વિશિષ્ટ છે. મુખ્ય મંદિર ખૂબ જ સારી અવસ્થામાં જોવા મળે છે, અને બાકીના મંદિરો ભગ્ન અવસ્થામાં છે, સીડીઓમાં આવેલ વિવિધ સુશોભિત આકૃતિઓ બીજા સોલંકી મંદિરોમાં જોવા મળતી નથી.

આસોડાના શિવાલય વિશે એક બીજી લોકવાયકા એવી છે કે આ મંદિર સોલંકી રાજા સિદ્ધરાજ જયસિંહે બર્બરક (બાબરા ભૂત) પાસે એક જ રાતમાં પૂરું કરાવ્યું હતું. આ મંદિરમાં પોઠિયાની જમણી બાજુએ એક કાળો પથ્થર છે, તેની નીચે એક મોટું ભોંયરું આવેલું હોવાની લોકોક્તિ છે. રાજા સિદ્ધરાજ જયસિંહે આ મંદિર બંધાવ્યું એ સાબિતી રૂપે સભામંડપના શિલ્પમાં રાજા સિદ્ધરાજ જયસિંહની મુખાકૃતિ સુંદર રીતે કોતરવામાં આવી છે જે હાલ પણ મોજૂદ છે. મંદિરના આગળના પગથિયાંમાં એક શિલાલેખ છે જેમાં રાજા સિદ્ધરાજ જયસિંહનું નામ કોતરાયેલું છે પણ કાળક્રમે તે ઘસાઈ જતાં અત્યારે વાંચી શકાતું નથી. નામદાર ગાયકવાડ સરકારે આ મંદિરની મરામત કરાવી હતી.









મંદિરના પ્રાંગણમાં જૂની ભગ્ન પ્રતિમાઓ તેમજ તોરણના ઉપરના ભાગના અવશેષો જોવા મળે છે. મંદિરની થોડે દૂર રસ્તા પર વાડીનાથ નામે ઓળખાતું કુબેરજીનું મંદિર આવેલું છે જેમાં કુબેરજીની મનુષ્ય કદની દુર્લભ ભવ્ય મૂર્તિ છે. આવી મોટી કુબેરજીની મૂર્તિ ભારતવર્ષમાં ભાગ્યે જ જોવા મળે છે. આ મૂર્તિની બાજુમાં વિષ્ણુ ભગવાન તથા નાગદેવની એમ બે મૂર્તિઓ પડી છે. શિલ્પ શાસ્ત્ર અનુસાર યક્ષાદિ જાતિના મંદિરો બાંધતા પહેલા કુબેરજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવે છે. એ પ્રમાણે આસોડા શિવ પંચાયતનનું મંદિર બાંધતા પહેલાં કુબેરજીની મૂર્તિનું સ્થાપન કરીને તે જગ્યાએ એક નાનું કુબેરજીનું મંદિર બાંધવામાં આવ્યું હશે. કુબેરજીનું મંદિર તૂટી ગયું છે પણ મૂર્તિ હજુ પણ કાળની થપાટો ખાતી મોજૂદ છે.

આ પૌરાણિક મંદિરમાં સિદ્ધરાજ જયસિંહ વખતથી શ્રાવણ માસના અમાસના દિવસે ૧૦૦૮ કમળ પૂજા થાય છે. આ મંદિરમાં અખંડ જ્યોત પ્રજ્વલિત છે. પવિત્ર શ્રાવણ માસમાં દર્શનાર્થે શ્રદ્ધાળુઓનું ઘોડાપુર ઉમટે છે. અહીં મંદિરમાં શ્રાવણ માસની અમાસના દિવસે શિવ ભગવાનની વિશેષ પૂજા થાય છે. પ્રથમ સોમવારે મંદિરના પ્રાંગણમાં ભાતીગળ મેળો ભરાય છે. આપણા પ્રાચીન મંદિરોની રમણીય કલાકૃતિઓ મંત્રમુગ્ધ કરે તેવી શૈલીમાં બનાવવામાં આવી છે. આ મંદિર સમગ્ર વિશ્વમાં આગવું સ્થાન ધરાવે છે. જેની ભવ્યતા દેશની આવનારી પેઢી માટે અમૂલ્ય વારસો છે.

(Sources : https://read.ottindia.app, https://gujarati.matrubharti.com, https://navgujaratsamay.com)